ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD

બ્લોક નં.૨, પાંચમો માળ, કર્મયોગી ભવન,સેકટર-૧૦/એ,ગાંધીનગર

# જાહેરાત ક્રમાંકઃ૧૭/૨૦૨૧-૨૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) વર્ગ-૩ અંગેની વિગતવાર સૂચનાઓ

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in અને https://gpssb.gujarat.gov.in )

---

૧. ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર (હવે પછી "મંડળ" તરીકે ઉલ્લેખ કરેલ છે.)ધ્વારા પંચાયત સેવાની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) (વર્ગ-૩) સંવર્ગની ખાલી જગ્યા પર સીધી ભરતીથી (ફકત પુરૂષ) ઉમેદવારો પસંદ કરવા માટે ઓનલાઇન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે સરકારશ્રીની https://ojas.gujarat.gov.in વેબસાઇટ પર તા.૧૬-૦૫-૨૦૨૨(બપોરના ૧૩-૦૦ કલાક)થી તા.૩૧-૦૫-૨૦૨૨ (સમય રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી) દરમ્યાન ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ સામાન્ય વર્ગ(જનરલ કેટેગરી)ના ઉમેદવારોએ પરીક્ષા ફી રૂ.૧૦૦/- + સર્વિસ ચાર્જ SBI E Pay ના માધ્યમથી ઓનલાઇન ફી ભરવા માટેની છેલ્લી તારીખ ૦૨-૦૬-૨૦૨૨ (રાત્રિના ૨૩-૫૯ કલાક સુધી રહેશે) તેમજ પોસ્ટ ઓફિસમાં ચલણથી રુબરુમાં પરીક્ષા ફી ભરવા માટે છેલ્લી તારીખ ૦૨-૦૬-૨૦૨૨ રહેશે.(પરંતુ તે માટે પોસ્ટ ઓફિસ ચલણની પ્રિન્ટ તા.૩૧-૦૫-૨૦૨૨ સુધીમાં કાઢી લેવી જરૂરી છે.) પરીક્ષા ફી ભરવા માટેની વધુ વિગતો પેરેગ્રાફ-૧૯માં દર્શાવેલ છે.જે વાંચી જવી જરુરી છે. ઉમેદવારે તાજેતરનો Photograph (15 kb) અને Signature (15 kb) સાઇઝથી વધારે નહીં તે રીતે jpg format માં Scan કરીકોમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે, જે ઓનલાઇન અરજીમાં અપલોડ કરવાનો રહેશે. અરજદારે ઓનલાઇન અરજીમાં દર્શાવ્યા મુજબના પોતાના બધા જ શૈક્ષણિક, વય અને જાતિ તેમજ અન્ય લાયકાતના પ્રમાણપત્રો પોતાની પાસે રાખવાના રહેશે અને આ અંગે ઉમેદવારોને જાણ કરાયા બાદ તેઓએ રુબરુમાં ચકાસણી અર્થે રજુ કરવાના રહેશે, જેની દરેકે અચુક નોધ લેવી.

૧.૧ અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ આ જાહેરાતમાં હવે પછીના ફકરાઓમાં દર્શાવેલ છે. તે સૂચનાઓ સહીત ઓનલાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે આ સમગ્ર જાહેરાત પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

૧.૨ ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પણ પ્રમાણપત્રો જોડવાના (અપલોડ કરવાના) નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતો મુજબ ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક અશકતતા (દિવ્યાંગતા)(હોય તો), માજી સૈનિક (લાગુ પડતુ હોય તો),માન્ય રમતગમત અંગેના (લાગુ પડતા હોય તો) તે અંગેના તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે, અન્યથા મંડળ /નિમણુંક સત્તાધિકારી ધ્વારા પ્રમાણપત્રોની ચકાસણી

સમયે અરજીમાંની વિગતો ખોટી અથવા અસંગત ઠરશે તો ઉમેદવારની અરજી અને ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ કરવામાં આવશે. અરજીપત્રકમાં ઓનલાઇન ભરેલી વિગતોની કોઇ પણ પ્રકારની ચકાસણી કર્યા વગર મંડળ ધ્વારા ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ દાખલ (પ્રોવીઝનલ એડમીશન) કરી સ્પર્ધાત્મક પરીક્ષા આપવા દેવામાં આવશે, જે પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ જાહેર થયા બાદ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે.

૧.૩ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગીની પ્રક્રિયા આ જાહેરાતમાં હવે પછીના ફકરામાં દર્શાવ્યા મુજબની હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓપ્ટીકલ માર્કસ રીડીંગ (ઓ.એમ.આર.) પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા રહેશે. આ હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની લેખિત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન મંડળ દ્વારા કરવામાં આવશે. જે અંગેનો પરીક્ષા કાર્યક્રમ અલગથી પ્રસિધ્ધ કરવામાં આવશે. આ માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની વેબસાઇટ જોતા રહેવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

૧.૪ લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા સંદર્ભની તેમજ ત્યારબાદની બધી જ સૂચનાઓ ઉમેદવારના રજિસ્ટર્ડ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ. થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં ઉમેદવારે મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો. અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી, મોબાઇલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે. મોબાઇલ નંબર બદલવા અથવા બંધ થઇ જવાના કારણે અથવા અન્ય કોઇ પણ કારણોસર ઉમેદવારને એસ.એમ.એસ થી સુચના ન મળે તો તેની જવાબદારી ઉમેદવારની રહેશે, અને આવા કિસ્સામાં ઉમેદવાર પોતે નિમણુંક મેળવવા ઇચ્છતો ન હોવાનું માનવામાં આવશે.

૧.૫ સ્પર્ધાત્મક પરીક્ષા બાદ પ્રોવીઝનલ રીઝલ્ટ અંગેની કાર્યવાહી મંડળ ધ્વારા કરવામાં આવશે જે અન્વયે પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં જે ઉમેદવારોનો સમાવેશ હશે, તેમને તેમના ઇમેઇલ ઉપર પ્રમાણપત્ર ચકાસણીની સુચનાઓ અને અન્ય સુચનાઓ આપવામાં આવશે.આ માટે અરજીમાં દર્શાવેલો ઇમેઇલ-આઇડી જાળવી રાખવા અને સમયાંતરે જોતા રહેવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

## ૨. ભરવાપાત્ર જગ્યાઓની વિગતઃ-

૨.૧ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:-મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૧૨/૦૪/૨૦૨૨, પત્ર ક્રમાંક:-મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૨૦/૦૪/૨૦૨૨ તથા પત્ર ક્રમાંક:-મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૦૯/૦૫/૨૦૨૨થી થયેલ સ્પષ્ટતા મુજબ જાહેરાત ક્રમાંકઃ ૧૭/૨૦૨૧-૨૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) વર્ગ-૩ સંવર્ગની જિલ્લા પંચાયતવાર/કેટેગરીવાર ભરવાપાત્ર જગ્યાઓ નીચે મુજબ છેઃ-

| ક્રમ | જિલ્લા પંચાયત | ભરવાપાત્ર કુલ જગ્યાઓની સંખ્યા | ભરવાપાત્ર જગ્યાઓ પૈકી કક્ષાવાર જગ્યાઓ | | | | | કુલ જગ્યાઓ પૈકી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | સામાન્ય (જનરલ) (OC) | આર્થિક રીતે નબળા વર્ગ (EWS) | સા.શૈ. પછાત વર્ગ (SEBC) | અનુ. જાતિ (SC) | અનુ.જન જાતિ (ST) | માજી સૈનિક માટે અનામત જગ્યાઓ | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓ | | | | |
| | | | | | | | | | કેટેગરી A | કેટેગરી B | કેટેગરી C | કેટેગરી D | કુલ |
| ૧ | અમદાવાદ | 28 | 16 | 02 | 05 | 00 | 05 | 02 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૨ | અમરેલી | 54 | 41 | 05 | 06 | 02 | 00 | 05 | 01 | 00 | 00 | 01 | 02 |
| ૩ | આણંદ | 23 | 16 | 02 | 00 | 00 | 05 | 02 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૪ | અરવલ્લી | 13 | 11 | 00 | 00 | 02 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૫ | બનાસકાંઠા | 146 | 35 | 14 | 55 | 24 | 18 | 14 | 02 | 00 | 02 | 02 | 06 |
| ૬ | ભરૂચ | 58 | 21 | 05 | 11 | 04 | 17 | 05 | 01 | 00 | 01 | 00 | 02 |
| ૭ | ભાવનગર | 21 | 17 | 02 | 00 | 02 | 00 | 02 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૮ | બોટાદ | 33 | 29 | 03 | 00 | 00 | 01 | 03 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૯ | છોટાઉદેપુર | 72 | 33 | 07 | 24 | 08 | 00 | 07 | 01 | 00 | 01 | 00 | 02 |
| ૧૦ | દાહોદ | 216 | 43 | 21 | 77 | 05 | 70 | 22 | 06 | 00 | 05 | 05 | 16 |
| ૧૧ | દેવભૂમિ ધ્વારકા | 53 | 24 | 05 | 18 | 06 | 00 | 05 | 02 | 00 | 00 | 01 | 03 |
| ૧૨ | ડાંગ | 13 | 05 | 01 | 03 | 00 | 04 | 01 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૧૩ | ગાંધીનગર | 22 | 14 | 02 | 05 | 00 | 01 | 02 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૧૪ | ગીર સોમનાથ | 50 | 39 | 05 | 00 | 05 | 01 | 05 | 01 | 00 | 00 | 01 | 02 |
| ૧૫ | જામનગર | 72 | 34 | 07 | 26 | 05 | 00 | 07 | 01 | 00 | 01 | 00 | 02 |
| ૧૬ | જુનાગઢ | 41 | 35 | 04 | 00 | 02 | 00 | 04 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૧૭ | કચ્છ | 162 | 87 | 16 | 32 | 14 | 13 | 16 | 02 | 00 | 02 | 02 | 06 |
| ૧૮ | ખેડા | 28 | 26 | 02 | 00 | 00 | 00 | 02 | 01 | 00 | 01 | 00 | 02 |
| ૧૯ | મહીસાગર | 31 | 17 | 03 | 01 | 00 | 10 | 03 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૨૦ | મહેસાણા | 58 | 43 | 05 | 05 | 04 | 01 | 05 | 01 | 00 | 01 | 01 | 03 |
| ૨૧ | મોરબી | 67 | 36 | 06 | 20 | 05 | 00 | 06 | 01 | 00 | 01 | 00 | 02 |
| ૨૨ | નર્મદા | 22 | 10 | 02 | 01 | 01 | 08 | 02 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૨૩ | નવસારી | 17 | 00 | 01 | 06 | 02 | 08 | 01 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૨૪ | પંચમહાલ | 114 | 26 | 11 | 23 | 09 | 45 | 11 | 02 | 00 | 01 | 01 | 04 |
| ૨૫ | પાટણ | 80 | 63 | 08 | 08 | 01 | 00 | 08 | 01 | 00 | 01 | 01 | 03 |
| ૨૬ | પોરબંદર | 18 | 09 | 01 | 02 | 06 | 00 | 01 | 00 | 00 | 00 | 00 | 00 |
| ૨૭ | રાજકોટ | 111 | 61 | 11 | 20 | 19 | 00 | 11 | 02 | 00 | 01 | 01 | 04 |
| ૨૮ | સાબરકાંઠા | 47 | 17 | 04 | 07 | 02 | 17 | 04 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૨૯ | સુરત | 39 | 12 | 03 | 15 | 00 | 09 | 03 | 01 | 00 | 00 | 01 | 02 |
| ૩૦ | સુરેન્દ્રનગર | 75 | 24 | 07 | 30 | 12 | 02 | 07 | 01 | 00 | 01 | 01 | 03 |
| ૩૧ | તાપી | 44 | 15 | 04 | 23 | 02 | 00 | 04 | 01 | 00 | 01 | 00 | 02 |
| ૩૨ | વડોદરા | 35 | 00 | 03 | 07 | 00 | 25 | 03 | 01 | 00 | 00 | 00 | 01 |
| ૩૩ | વલસાડ | 03 | 03 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 | 00 |
| | કુલ | **1866** | **862** | **172** | **430** | **142** | **260** | **174** | **39** | **00** | **20** | **18** | **77** |

૨.૨ જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શકયતા છે.

૨.૩ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૧૨/૦૪/૨૦૨૨ પત્ર ક્રમાંક:- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૦૨/૦૪/૨૦૨૨ તથા પત્ર ક્રમાંક:-મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૦૯/૦૫/૨૦૨૨થી થયેલ સ્પષ્ટતા મુજબ ભરવાપાત્ર ૧૮૬૬ જગ્યાઓ પૈકી કુલ ૭૭ જગ્યા શારીરીક અશક્તતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટે અનામત છે. જે સંબધિત કેટેગરી(GENERAL,EWS, SC,ST,SEBC)સામે સરભર કરવામાં આવશે.

૨.૪ પંચાયત વિભાગના પત્ર ક્રમાંક:- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૧૨/૦૪/૨૦૨૨ પત્ર ક્રમાંક:- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૨૦/૦૪/૨૦૨૨ તથા પત્ર ક્રમાંક:-મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૦૯/૦૫/૨૦૨૨થી થયેલ સ્પષ્ટતા મુજબ આ સંવર્ગની કુલ ખાલી જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે ૧૭૪ જગ્યાઓ અનામત રાખવામાં આવશે. જે સંબધિત કેટેગરી(GENERAL,EWS, SC,ST,SEBC)સામે સરભર કરવામાં આવશે.

૨.૫ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો માટેની અનામત જગ્યાઓ ફકત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

## ૩. મહિલા ઉમેદવારો માટેઃ-

આ જાહેરાત મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) સંવર્ગ માટેની હોઇ, આ જાહેરાત અન્વયે માત્ર પુરૂષ ઉમેદવારો જ અરજી કરી શકે છે.

## ૪ વિધવા ઉમેદવારો માટેઃ-

આ જાહેરાત અન્વયે માત્ર પુરૂષ ઉમેદવારો જ અરજી કરવા લાયક હોઇ, વિધવા ઉમેદવારો માટેનો પ્રશ્ન રહેતો નથી.

## ૫. માજી સૈનિક (EX-Servicemen) ઉમેદવારો માટેઃ-

૫.૧ ગુજરાત પંચાયત સર્વિસ (રીઝંવેશન ઓફ વેકન્સીસ ફોર એકસ સર્વિસમેન) રુલ્સ ૧૯૮૯ ની જોગવાઇઓ ધ્યાને લઇ લાયકાત ધરાવતા માજી સૈનિક ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

૫.૨ ઉમેદવાર પોતે જ માજી સૈનિક હોવા જોઇએ. માજી સૈનિક ઉમેદવારોએ અરજીપત્રકમાં તથા પરિશિષ્ટમાં માજી સૈનિક તરીકે ફરજ બજાવ્યાના સમયગાળાની વિગતો આપવાની રહેશે. માજી સૈનિક ઉમેદવારે નિયત નમુના મુજબનું અધિકૃત અધિકારીની સહીવાળું , સશસ્ત્રદળોમાં ઉમેદવારના નોકરીના સમયગાળા દર્શાવતું પ્રમાણપત્ર મંડળ સમક્ષ માંગણી થયેથી રજુ કરવાનું રહેશે. જો ઉમેદવારે તેની ઓનલાઇન અરજીમાં માજી સૈનિક કેટેગરીમાં કલીક કરેલ હોય અને ભવિષ્યમાં મંડળ ધ્વારા માંગણી કરાય ત્યારે જો ઉમેદવાર માજી સૈનિક તરીકેના અધિકૃત આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જાય તેવા સંજોગોમાં ઉમેદવારનો માજી સૈનિક તરીકે નોકરી મેળવવા અંગેનો હકક દાવો ધ્યાને લેવામાં આવશે નહી. અને માજી સૈનિક માટે ઠરાવેલ મેરીટ અન્વયે પસંદગી થયેલ હશે તો પસંદગી /નિમણુંક રદ કરવામાં આવશે.

૫.૩ માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી GENERAL,EWS, SC,ST,SEBC)સામે સરભર કરવામાં આવશે.

૫.૪ માજી સૈનિકની અનામત જગ્યા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગ્યા જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.

૫.૫ ઉમેદવારે પોતે સૈનિક તરીકે સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોને તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો, તેમની હાલની ઉંમરમાંથી બાદ કરતાં મળતી ઉંમર, ભરતી નિયમમાં ઠરાવેલ ઉપલી વયમર્યાદાથી ત્રણ વર્ષ કરતાં વધવી જોઈશે નહીં, પરંતુ કોઇપણ સંજોગોમાં માજી સૈનિકની ઉંમર ૪૫ વર્ષ કરતા વધવી જોઇએ નહી.

## ૬. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટે:-

૬.૧ શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારોની અનામત રાખેલ જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી (GENERAL,EWS, SC,ST,SEBC) વર્ગના ઉમેદવારો સામે સરભર કરવામાં આવશે. દિવ્યાંગ ઉમેદવારો માટે આ જાહેરાતના પેરા- ૨.૩ અને ૬.૩માં દર્શાવ્યા મુજબની જગ્યાઓ અનામત છે.

૬.૨ સામાન્ય વહીવટ વિભાગના તા ૧૫/૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ /૭/ગ-૨ મુજબ શારીરીક અશકતતા (દિવ્યાંગતા) ૪૦ ટકા કે તેથી વધુ હોય તેમને જ શારીરીક અશકતતાના (દિવ્યાંગતા) લાભો મળવાપાત્ર રહેશે.

૬.3 સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- <u>અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ(પા.ફા) તા ૬-૯-૨૦૨૧</u>થી શારીરિક અશકત(દિવ્યાંગ) ઉમેદવારો માટે જગાઓ અનામત રાખવા બાબતે નીચે મુજબની જોગવાઇ થયેલ છે, જે આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે. દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓની સંખ્યા પંચાયત વિભાગના પત્ર ક્રમાંકઃ- મકમ/૧૫૨૦૨૧/૯૨૫/ખ તા.૧૨/૦૪/૨૦૨૨માં દર્શાવ્યા મુજબ અને સ્પષ્ટતા કરાયા મુજબ નીચે મુજબ છેઃ-

*<u>સંવર્ગ:- મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) વર્ગ-૩</u>*

| ક્રમ | વિકલાંગતાની કેટેગરી | અનામત જગ્યાની ટકાવારી | વિકલાંગતાનો પ્રકાર | દિવ્યાંગ ઉમેદવારો માટે અનામત જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| **1** | **A** | **1.33 %** | **LV(40-70)%** | **39** |
| **2** | **B** | **……….** | **……….** | **00** |
| **3** | **C** | **1.33 %** | **OL,CP,DW,AAV** | **20** |
| **4** | **D & E** | **1.33 %** | **ID,MI,MD(40-70)%** | **18** |

**{Code and functional classification:- Blind(B), Low vision(LV) (40-70)%, Deaf(D),**

**[Hard of hearing (HH)], [Locomotor disability (LD):-OA(one arm), OL(one leg), BA(both arm), BH(both hands),OAL(one arm one leg), BLA(both legs and arms), BLOA(both legs one arm), OABL(one arm both legs), BAOL(both arms one leg), BABL(both arms both leg), OAOL(one arm one leg)], Cerebral palsy(CP), Leprosy cured(LC), Dwarfism (DW), Acid attack victim(AAV),**

**Muscular dystrophy(MDy),Intellectual Disability(ID), Specific Learning disability (SLD), Mental illness(MI), [Autism Spectrum Disorder (ASD), M-Mild, MoD-Moderate],**
**[ Multiple Disabilities (MD):- Disabilities included in group (A) to (D) (40-70)%.]**

નોધઃ- પંચાયત વિભાગના પત્ર ક્રમાંકઃ- અપગ/૧૦૨૦૧૩/૧૮૯૦/ખ(પા.ફા) તા ૧૮-૧૧-૨૦૨૧ ના પત્ર સાથે સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા ૩૦-૧૦-૨૦૨૧ ના પત્ર ક્રમાંકઃ- અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪) થી જણાવ્યા મુજબ LV અને HH એકલા માન્ય રાખેલ હોય ત્યારે જ ટકાવારી દર્શાવવી અને જયારે દ્રષ્ટિક્ષતિના બંને પ્રકાર LV અને Blind સાથે દર્શાવેલ હોય ત્યારે ટકાવારી દર્શાવવી નહી, તેમ જણાવેલ છે. જેથી ઉપરોકત ક્રમ-૧ ખાતે વિકલાંગતાના પ્રકારમાં 40-70% ટકાવારી દર્શાવેલ છે.

૬.૪ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭-૯-૨૦૨૧ ના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર-૧૦૨૦૧૭-૧૨૨૬૩૯-ગ-૨ થી દિવ્યાંગતાના ખંડ(કેટેગરી)નીચે મુજબ નકકી કરેલ છેઃ-

| |
|---|
| ખંડ (કેટેગરી) A =અંધત્વ અને ઓછી દ્રષ્ટિ, |
| ખંડ (કેટેગરી) B = બધિર અને ઓછું સાંભળનાર, |
| ખંડ (કેટેગરી)C=મગજના લકવા સહિતની હલનચલનની દિવ્યાંગતા, રકતપિતમાંથી સાજા થયેલ,વામનતા, એસિડ એટેકનો ભોગ બનેલ અને નબળા સ્નાયુઓ, |
| ખંડ (કેટેગરી)D=સ્વલીનતા (autism), બૌધ્ધિક દિવ્યાંગતા, ખાસ વિષય શીખવાની અક્ષમતા અને માનસિક બીમારી, |
| ખંડ (કેટેગરી)E=બહેરાશ- અંધત્વ સહિતની ખંડ (A) થી (D) હેઠળની એક કરતા વધારે પ્રકારની દિવ્યાંગતા ધરાવતી વ્યકિત. |

૬.૫ શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારોએ ઓનલાઇન અરજીમાં સક્ષમ સત્તાધિકારી ધ્વારા આપેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાનો રહેશે.

૬.૬ નિયમાનુંસાર શારીરિક અશકતતા ધરાવતાં હોય તેવા (દિવ્યાંગ) ઉમેદવારને જ શારીરિક અશકતતા (દિવ્યાંગતા)નો લાભ મળવાપાત્ર રહેશે. શારીરિક અશકતતા (દિવ્યાંગતા) નો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે ઉપરોકત પેરા-૬.૩ પૈકીની કઇ શારીરિક અશકતતા (દિવ્યાંગતા) છે તે ઓનલાઇન અરજીમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે.

૬.૭ શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ)ઉમેદવારે તેના દાવાના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા ૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી તેમજ વખતોવખત નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન/ મેડીકલ બોર્ડ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે,તેમજ આ અસલ પ્રમાણપત્ર સક્ષમ સતાધિકારી ધ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર નિમણૂક અધિકારી/મંડળ સમક્ષ રજુ કરવામાં નહીં આવે,તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૬.૮ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨ તા ૧૭-૯-૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીથી જગ્યા ભરવાના પ્રસંગે દિવ્યાંગ ઉમેદવાર માટે જગ્યા અનામત ન હોય ત્યારે સબંધિત જગ્યા માટે બેન્ચ માર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવાર દિવ્યાંગ માટે અનામત

ન હોય તેવી જગ્યા માટે અરજી કરી શકશે.પરંતુ તે જગ્યા બેન્ચ માર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યકિતઓ માટે યોગ્ય હોવાનું નિયત કરવામાં આવેલ હોવુ જોઇશે.

૬.૯ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ-૨ તા ૧૭-૯-૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે નકકી કરવામાં આવેલ અનામત જગ્યા માટે નિયત કટ ઓફ માર્કસને ધ્યાને લેતા સબંધિત દિવ્યાંગતાની સબ કેટેગરી માટેના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં નકકી કરવામાં આવેલી દિવ્યાંગતાઓ પૈકી અન્ય દિવ્યાંગતા ધરાવતી વ્યકિતથી આવી જગ્યા ભરવાની રહેશે.એટલે કે દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામતની સબ કેટેગરીમાં પરસ્પર અદલાબદલી ઉપર દર્શાવેલા સંજોગોમાં કરવામાં આવશે.

૬.૧૦ બેન્ચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યા ઉપર નિયત કરેલ સામાન્ય ધોરણોના આધારે દિવ્યાંગ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો દિવ્યાંગો માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યા ભરવા માટે પસંદગીના ધોરણો હળવા કરીને દિવ્યાંગ ઉમેદવારની પસંદગી મંડળ ધ્વારા કરવામાં આવશે.

૬.૧૧ શારીરીક રીતે અશકત (દિવ્યાંગ) ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા ૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ- પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ-૨ થી નિયત થયેલ સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળશે.

## ૭ <u>અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવારો માટેની સામાન્ય જોગવાઇઓઃ-</u>

૭.૧ મુળ ગુજરાતના અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

૭.૨ અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગો(EWS)ના ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચુક આપવી.

૭.3 ઉમેદવારે અરજીપત્રકના સબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હકક દાવો માન્ય રાખવામાં આવશે નહીં.

૭.૪ અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી ધ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ પ્રમાણપત્રની ચકાસણી સમયે રજુ કરવાની રહેશે.ઉપરાંત મંડળ/નિમણુંક અધિકારી ધ્વારા પ્રમાણપત્રની નકલ માંગણી થયેથી અચુક રજુ કરવાની રહેશે.

૭.૫ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પરીપત્ર ક્રમાંકઃ- પવસ/૧૦૨૦૦3/૯૦૦/ગ-૪ તા ૨૩-૭-૨૦૦૪ તથા પરીપત્ર ક્રમાંકઃ-પવસ/૧૦૨૦૧૬/૨૮૨૪૪૭/ગ-૪ તા.૭-૫-૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ સામાન્ય કેટેગરીના ઉમેદવારોને જે વયમર્યાદાના અને ગુણવત્તા (મેરીટ) ના ધોરણ લાગુ પાડવામાં આવ્યા હોય તે જ ધોરણે પોતાની ગુણવત્તાના આધારે સ્પર્ધાત્મક પરીક્ષામાં પસંદગી પામેલ હોય એવા અનુસુચિત જાતિ, અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને સામાન્ય કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે,પરંતુ સામાન્ય કેટેગરી માટે નિયત થયેલ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મેળવીને પસંદગી પામેલા અનુસુચિત જાતિ,

અનુસુચિત જન જાતિ, સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોને સબંધિત અનામત કેટેગરીની જગ્યા સામે સરભર કરવામાં આવશે.

૭.૬ ઉમેદવારે અરજીપત્રકમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહી.જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમુનાનું પ્રમાણપત્ર રજુ નહી કરેલ હોય તો તેઓને અનામત વર્ગના ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહી.

## ૮. <u>સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટેઃ-</u>

૮.૧ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નતવર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું (નોનક્રિમિલેયર) નિયત નમુનાનું સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૧૦૯/૧૬૬૩/અથી નિયત થયેલ પરિશિષ્ટ-૪ (ગુજરાતીમાં) ના નમુનાના પ્રમાણપત્ર મંડળ માગે ત્યારે રજુ કરવાનુ રહેશે <u>(અંગ્રેજીમાં કઢાવેલ નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ જે કેન્દ્ર સરકારની નોકરી માટેનું હોઇ, આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણવામાં આવશે નહિ).</u>

૮.૨ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર આવું નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર તેમના માતા-પિતાની આવકના સંદર્ભમાં ધરાવતા હોવા જોઇશે.

૮.3 સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા ૨૬/૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ મુજબ 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્રની <u>મહત્તમ અવધિ(Validity) જે નાણાકીય વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે,</u> પરંતુ આવું પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવુ જોઇએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

૮.૪ ઉમેદવારે ઓનલાઇન અરજી કરતી વખતે જે 'ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેનું પ્રમાણપત્ર ની વિગતો જણાવેલ હોય તેની જ નકલ માંગણી થયેથી રજુ કરવાની રહેશે. જો આવા પ્રમાણપત્રમાં કોઇ ભુલ હોવાને કારણે ઉમેદવાર જાહેરાતની છેલ્લી તારીખ બાદનું નવું પ્રમાણપત્ર મેળવે તો પણ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવાર તરીકે પાત્ર થવા માટે ઓનલાઇન અરજીમાં જણાવેલ પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

૮.૫ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પરંતુ ઉકત માપદંડો પૈકી કોઇ પણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સબંધિત ઉમેદવારે તથા તેના માતા પિતા/વાલીએ સ્વયં સબંધિત સત્તાધિકારી તેમજ તેના ધ્વારા પ્રમાણપત્રમાં કોઇ ફેરફાર કરવામા આવે તો ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને કરવાની રહેશે.ઉમેદવાર માતા-પિતા/વાલી આવી જાહેરાત નહી કરીને કોઇ પણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહીને પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેનું પ્રમાણપત્ર મેળવવા માટેનો કોઇ પણ માપદંડમાં ફેરફારની

સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા પિતા/વાલીની વ્યકિતગત રીતે અને સંયુકત રીતે રહેશે.

૮.૬ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ તા ૨૬-૪-૨૦૧૬ ની જોગવાઇઓ મુજબ બિન ઉન્નતવર્ગના પ્રમાણપત્રની અવધિ વાળું પ્રમાણપત્ર જે વર્ષમાં મેળવ્યુ હોય તે સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે.ત્યારબાદ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૨-૬-૨૦૨૦ ના ઠરાવની જોગવાઇ ધ્યાને લેતા આ ત્રણ વર્ષની અવધિના સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ પ્રમાણપત્ર સાથે ઉમેદવારે તેના "બિન ઉન્નત વર્ગના દરજ્જા" (Non Creamy Layer Status) માં કોઇ ફેરફાર થયેલ નથી તથા તેઓ રાજય સરકારના અનામતના હેતુ માટે નકકી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે મુજબનું બાહેધરીપત્રક ઉકત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત થયેલ નમુનામાં આપવાનું રહેશે.મંડળ જયારે નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ મંગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજુ કરવાની રહેશે.આ જોગવાઇનો દુરૂપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. ઉન્નતવર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર સંદર્ભે રજુ કરવાની બાંહેધરીનો નિયત નમુનો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટ https://sje.gujarat.gov.in/resolutions પરથી મળી શકશે.

## ૯ આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો (EWS) માટેઃ-

૯.૧ આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા ૨૫-૧-૨૦૧૯ ના ઠરાવ ક્રમાંકઃ- ઇ.ડબલ્યુ.એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમુના (અંગ્રેજીમાં એનેક્ષર KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ પાત્રતા પ્રમાણપત્ર સબંધિત જાહેરાત માટે ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઇસ્યુ કરાયેલ હોવુ જોઇએ. જો આ પ્રમાણપત્ર આ સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ હશે તો જ માન્ય રાખવામાં આવશે અન્યથા તે માન્ય રાખવામાં આવશે નહિ.

૯.૨ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંકઃ- ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ, તા.૧૩-૯-૨૦૧૯ અને ઠરાવ ક્રમાંકઃ-ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ તા ૨૬-૦૬-૨૦૨૦ ની જોગવાઇ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ (issue) થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે પરંતુ ઇસ્યુ થયેલ આર્થિક રીતે નબળા વર્ગો(EWS) પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજય સરકારના અનામતના હેતુ માટે નકકી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાંહેધરી ઉકત ઠરાવ સાથેના પરિશિષ્ટ થી નિયત કર્યા મુજબના નમુનામાં આપવાની રહેશે.મંડળ જયારે આ પ્રમાણપત્ર મંગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજુ કરવાની રહેશે. બાંહેધરીનો નિયત નમુનો સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની વેબસાઇટ https://sje.gujarat.gov.in/resolutions પરથી મળી શકશે. આ જોગવાઇના દુરપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે જેથી

વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવાર ઉકત ઠરાવની તમામ જોગવાઇઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે.

## ૧૦ માન્ય રમતગમતના વધારાના ગુણ મેળવવા માટેની લાયકાત-

૧૦.૧ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૦૭૭/ ૨૬૬૦/ ગર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર/ ૧૧૮૮/ ૩૬૪૪/ગ.૨ તથા સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ-સીઆરઆર/૧૦૯૯/યુઓ/૪૧૧૦/ગ-૨ તા ૧૮-૪-૨૦૦૧ તેમજ આ અંગેના વખતો વખતના સરકારશ્રીના ઠરાવોની જોગવાઇ મુજબ નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ પ્રમાણપત્ર અસલમાં રજુ કરનાર ઉમેદવાર જ રમતગમતના વધારાના મળવાપાત્ર ગુણ માટે હક્કદાર થશે.

૧૦.૨ ઓનલાઇન અરજીપત્રકના કોલમમાં "YES" લખવા ઉપરાંત માન્ય રમતગમત અંગેના પ્રમાણપત્રોની વિગતો દર્શાવનાર ઉમેદવાર જ આ અંગેના વધારાના ગુણ મેળવવાને લાયક રહેશે, જે પ્રમાણપત્ર ચકાસણીને આધીન રહેશે જો કોઇ ઉમેદવારે ઓનલાઇન અરજી વખતે આ અંગેની વિગતો નહી દર્શાવેલ હોય તો પાછળથી રમતગમતના વધારાના ગુણ મેળવવા આ અંગેનો દાવો મંડળ ધ્વારા માન્ય રખાશે નહી, જેની નોધ લેવી.

## ૧૧ એક ઉમેદવાર એક અરજી (No multiple application):

૧૧.૧ એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. તેમ છતાં, એકથી વધુ અરજી **(multiple application)** ના કિસ્સામાં ફી સહીત સર્વ રીતે યોગ્ય રીતે ભરેલી અરજીઓ પૈકી સૌથી છેલ્લી કન્ફર્મ થયેલી એક જ અરજી માન્ય રહેશે, તે સિવાયની બધી અરજીઓ રદ થશે.

૧૧.૨ એક કરતાં વધારે અરજી કરવામાં આવશે તો, તે પૈકી ફી ભરેલી છેલ્લી કન્ફર્મ અરજી માન્ય ગણવામાં આવશે.

૧૧.૩ અનામત વર્ગના ઉમેદવારે ફી ભરવાની થતી નથી તેથી તેવા ઉમેદવારોની સૌથી છેલ્લી કન્ફર્મ અરજી માન્ય ગણવામાં આવશે, અને તે સિવાયની બધી અરજીઓ રદ ગણવામાં આવશે.

## ૧૨ નાગરિકત્વઃ-

૧૨.૧ ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૯૮ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતા હોવા જોઇએ.

૧૨.૨ ઉમેદવાર,

(ક) ભારતનો નાગરિક હોય અથવા

(ખ) નેપાળનો પ્રજાજન હોય અથવા

(ગ) ભુતાનનો પ્રજાજન હોય અથવા

(ઘ) મુળ ભારતની વ્યકિત હોય અને ભારતમાં કાયમી વસવાટ કરવાના ઇરાદાથી પાકિસ્તાન,(મ્યાનમાર) શ્રીલંકા,કેન્યા,યુગાન્ડા જેવા પૂર્વ આફ્રિકાના દેશો ટાન્ઝાનિયાનો સંયુકત પ્રજા સત્તાક,(અગાઉ ટાન્ગાનિકા અને ઝાઝીબાર,)જામ્બીયા, મલાવી,ઝૈર, ઇથોપીયા અન વિયેટનામમાંથી સ્થળાંતર કરીને આવી હોય પરંતુ (ખ)(ગ)(ઘ) વર્ગ હેઠળ આવતા ઉમેદવાર જેની તરફેણમાં રાજય સરકારે લાયકાતનું પ્રમાણપત્ર આપ્યુ હોય તેવી વ્યકિત હોવા જોઇશે.

## ૧૩. શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા:

૧૩.૧ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૭ ઓફ ૨૦૨૨/ પીઆરઆર/૧૦૨૦૧૪/૭૭/ખ તા.૨૪-૦૩-૨૦૨૨ થી આ સંવર્ગ માટે શૈક્ષણિક લાયકાત નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે, જે આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે.

| સંવર્ગ | શૈક્ષણિક લાયકાત |
| --- | --- |
| **Multi Purpose Health Worker (Male) (Class-III)**<br>મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) (વર્ગ-3) | (પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૭ ઓફ ૨૦૨૨/ પીઆરઆર-૧૦૨૦૧૪/૭૭/ખ તા.૨૪/૦૩/૨૦૨૨થી પ્રસિધ્ધ કરવામાં આવેલ **Multi Purpose Health Worker (Male), Class III,in the Superior Panchayat Service, Recruitment Rules,2022** મુજબ)<br>**Rule 3(b)**<br>**A Candidate shall -**<br>**(i) have successfully completed minimum one year Multi Purpose Health Worker basic course certificate or Diploma course obtained from the education institution recognised as such by the Government; or**<br>**(ii) have minimum one year sanitary Inspectors Diploma Course obtained from education institution recognised as such by the Government; or**<br>**(iii) have minimum one year certification course of Health Sanitary Inspector from Industrial Training Institute or any other institute recognized as such by the Government; or**<br>**(iv) have passed the Diploma of sanitary Inspectors or Health Sanitary Inspector obtained from any of the Universities established or incorporated by or under the Central or a state Act in india; or any other education institutions recognised as such or declared to be deemed as a university under section 3 of University Grants Commission Act,1956.**<br>**A candidate shall-**<br>**Rule-3(v) possess the basic knowledge of computer Application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967; and**<br>**Rule-3(vi) possess adequate knowledge of Gujarati or Hindi or both.** |

## ૧૩.૨ વયમર્યાદા:-

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ- કેપી/૧૭ ઓફ ૨૦૨૨/ પીઆરઆર/૧૦૨૦૧૪/૭૭/ખ તા.૨૪-૦૩-૨૦૨૨ થી આ સંવર્ગ માટે વયમર્યાદા નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે, જે આ જાહેરાતના હેતુ માટે માન્ય ગણાશે.

| સંવર્ગ | વયમર્યાદા |
|---|---|
| **Multi Purpose Health Worker (Male) (Class-III)**<br>મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) (વર્ગ-3) | (પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:- કેપી/૧૭ ઓફ ૨૦૨૨/પીઆરઆર-૧૦૨૦૧૪/૭૭/ખ તા.૨૪/૦૩/૨૦૨૨થી પ્રસિધ્ધ કરવામાં આવેલ **Multi Purpose Health Worker (Male), Class III,in the Superior Panchayat Service, Recruitment Rules,2022** મુજબ)<br>Rule-3(a)<br>**A candidate shall not be less than 18 years and not be more than 34 years of age:**<br>રીમાર્કસ- પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:-KP/271/2021/PRR/ 1196/01/KH તા.૨૦-૧૨-૨૦૨૧, ઠરાવ ક્રમાંક:-પીઆઆર/૧૧૯૬/૦૧/ખ તા.૨૭-૧૨-૨૦૨૧ તેમજ પત્ર ક્રમાંક:-પીઆઆર/૧૦૨૦૨૧/૨૨૫૭/ખ તા.૨૭-૧૨-૨૦૨૧ મુજબ તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળામાં પ્રસિધ્ધ કરેલ તમામ જાહેરાતોના સંદર્ભમાં મહતમ વયમર્યાદામાં ૦૧ વર્ષની છૂટછાટ આપવાનું ઠરાવેલ હોઇ, આ જાહેરાતના હેતુ માટે મહતમ વયમર્યાદા ભરતી નિયમ મુજબ 33 વર્ષ +01 વર્ષ = 34 વર્ષ નક્કી કરવામાં આવેલ છે. જેથી આ જાહેરાતના હેતુ માટે મહતમ વયમર્યાદા 34 વર્ષ દર્શાવેલ છે.<br>**Rule-3(a)**<br>**Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the Gujarat Panchayats Services in accordance with the provisions of the Gujarat Panchayats Services Classification and Recruitment (General)Rules,1998;**<br>**Provided further that the upper age limit may be relaxed in favour of a candidate, who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat civil Services Classification and Recruitment (General) Rules,1967;** |
| | પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:-કેપી/૨૨ ઓફ ૨૦૨૨/પીઆરઆર/ ૧૦૨૦૧૪/૭૭/ખ તા.૧૨/૦૪/૨૦૨૨થી નીચે મુજબનો proviso ઉમેરવામાં આવેલ છે.<br>**"Provided that the upper age limit shall not be applicable in case of a candidate who is appointed as a Multi Purpose Health Worker(Male), Class III, in the Superior Panchayat Service either on contract basis on fixed pay for a fixed period or on adhoc basis in regular pay - scale but for a fixed period, and who possesses the qualifications as prescribed in clause (b) of this rule and who offers his candidature in respect of advertisement which may be published in the year 2022.''** |

૧૩.3 ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.ઉમેદવારે પ્રમાણપત્ર/દસ્તાવેજો ચકાસણી સમયે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના દરેક વર્ષ/સેમેસ્ટરના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રો અસલમાં રજુ કરવાના રહેશે.

૧૩.૪ <u>માન્ય સંસ્થાના પ્રમાણપત્ર</u>

ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સબંધિત યુનિર્વસિટી/સંસ્થાની માન્યતા તેમજ સબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે મંડળ/નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૧૩.૫ <u>શૈક્ષણિક લાયકાત/ વધારાની લાયકાત માટે નિર્ધારિત તારીખ **(cut off date) :-**</u>

જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોના કિસ્સામાં નિયત શૈક્ષણિક લાયકાત અને અન્ય જરૂરી વધારાની લાયકાત/અનુભવ માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી કરવાની છેલ્લી <u>તારીખ ૩૧-૦૫-૨૦૨૨</u> ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૧૩.૬ <u>વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ **(cut off date):**</u>

જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ વયમર્યાદાની ગણતરી કરવામાં આવશે એટલે કે તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી <u>તારીખ ૩૧-૦૫-૨૦૨૨</u> ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૧૩.૭ ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો,૧૯૯૮ (વખતો વખત સુધાર્યા મુજબ) માં દર્શાવેલ જોગવાઇઓ મુજબ ઉમેદવાર લાયકાત ધરાવતા હોવો જોઇશે અને તેમાં દર્શાવેલ અન્ય જોગવાઇઓ મુજબ દરેક ઉમેદવારે સક્ષમ અધિકારી માંગે ત્યારે તે અંગેના પ્રમાણપત્ર રજુ કરવાના રહેશે.

## ૧૪. <u>ઉપલી વયમર્યાદામાં છુટછાટ:-</u>

૧૪.૧ મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના, ઉમેદવારો તથા શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છુટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારો(૫+૧૦=૧૫) | ૧૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| માજી સૈનિક ઉમેદવારો | સંરક્ષણ સેવામાં બજાવેલ સેવા ઉપરાંત બીજા ૩(ત્રણ) વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| પંચાયત સેવામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર | **The upper age limit shall not be applicable in case of a candidate who is appointed as a Multi Purpose** | |

| | |
|---|---|
| (પુરૂષ) વર્ગ-૩ તરીકે ફિકસ પીરીયેડ માટે ફિકસ પગારમાં કોન્ટ્રાક્ટ બેઝીસ ઉપર અથવા ફિકસ પરીયેડ માટે રેગ્યુલર પે સ્કેલમાં એડહોક બેઝીસ ઉપર નિમણુંક પામેલ ઉમેદવારો માટે વયમર્યાદાની જોગવાઇ<br>(પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:- કેપી/૨૨ ઓફ ૨૦૨૨/પીઆરઆર/૧૦૨૦૧૪/ ૭૭/ખ તા.૧૨/૦૪/૨૦૨૨ મુજબ) | **Health Worker(Male), Class III, in the Superior Panchayat Service either on contract basis on fixed pay for a fixed period or on adhoc basis in regular pay - scale but for a fixed period, and who possesses the qualifications as prescribed in clause (b) of this rule and who offers his candidature in respect of advertisement which may be published in the year 2022.** |

૧૪.૨ માજી સૈનિક સહિત તમામ કેટેગરીના એટલે કે બિનઅનામત તથા અનામત વર્ગના ઉમેદવાર, નિયમાનુસાર શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવાર અને અનામત વર્ગના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં. પરંતુ પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંક:- કેપી/૨૨ ઓફ ૨૦૨૨/પીઆરઆર/૧૦૨૦૧૪/૭૭/ખ તા.૧૨/૦૪/૨૦૨૨ મુજબ પંચાયત સેવામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ)વર્ગ-૩ તરીકે ફિકસ પીરીયેડ માટે ફિકસ પગારમાં કોન્ટ્રાક્ટ બેઝીસ ઉપર અથવા ફિકસ પીરીયેડ માટે રેગ્યુલર પે સ્કેલમાં એડહોક બેઝીસ ઉપર નિમણુંક પામેલ ઉમેદવારોને ઉપલી વય મર્યાદા લાગુ પડશે નહિ.

૧૪.૩ જે તે અનામત કેટેગરી, દિવ્યાંગ ઉમેદવાર તેમજ માજી સૈનિક ઉમેદવારોએ તેમની કેટેગરી અંગેની જોગવાઇ જે આ જાહેરાતમાં દર્શાવેલ છે તે જોગવાઇના આધીન તેમને ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

## ૧૫. ના વાંધા પ્રમાણપત્ર:-

૧૫.૧ ગુજરાત સરકારના સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતા અધિકારીઓ/કર્મચારીઓ મંડળની જાહેરાતના સંદર્ભમાં બારોબાર ઓનલાઇન અરજી કરી શકશે અને તેની જાણ ઉમેદવારે પોતાના વિભાગ/ખાતા/કચેરીને અરજી કર્યાની તારીખથી દિન-૭ માં અચુક કરવાની રહેશે.

૧૫.૨ ઉમેદવારના પ્રમાણપત્રોની ચકાસણી સમયે આ પ્રકારના ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગના તા ૮-૧૧-૧૯૮૯ ના પરીપત્ર ક્રમાંક:- એફઓ-એ-૧૦૮૮-૩૯૪૦-ગ-૨ થી નિયત કરેલ નમુનામાં સક્ષમ અધિકારી ધ્વારા આપવામાં આવેલ "ના વાંધા પ્રમાણપત્ર" અસલમાં રજુ કરવાનું રહેશે.

## ૧૬. કોમ્પ્યુટરની જાણકારી(જ્ઞાન):-

૧૬.૧ રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩-૮-૨૦૦૮ ના સરકારી ઠરાવ નં. સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ-૫, થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ, ઉમેદવાર કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા જોઇશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઇપણ ડિપ્લોમા/ ડીગ્રી કે સર્ટીફીકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા સામાન્ય વહીવટ

વિભાગના ઠરાવ ક્રમાંકઃ- સીઆરઆર/૧૦૨૦૦૭/૧૨૦૩૨૦/ગ-૫ તા ૧૮-૩-૨૦૧૬ થી ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઇશે.

## ૧૭. પગાર ધોરણઃ-

૧૭.૧ પસંદગી પામેલ ઉમેદવારને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણુંક થયેથી, નાણાં વિભાગના તા. ૨૯-૪-૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭-ઝેડ-૧, તથા ઠરાવ નં.ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા ૬-૧૦-૨૦૧૧ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા ૨૦-૧૦-૨૦૧૪ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭ (પાર્ટ-૨)/ઝ-૧ તા ૨૦-૧૦-૨૦૧૫ તથા ઠરાવ ક્રમાંકઃ- ખરચ/૨૦૦૨/૫૭/પાર્ટ-૨/ઝ-૧ તા ૧૮-૧-૨૦૧૭ ની જોગવાઇ મુજબ પ્રથમ પાંચ વર્ષ માટે રૂા ૧૯૯૫૦/- પ્રતિમાસ ફિકસ પગારથી નિમણુંક અપાશે તેમજ આ ઠરાવથી નિયત થયેલ અન્ય લાભો મળવાપાત્ર રહેશે.

૧૭.૨ પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક સત્તાધિકારી ધ્વારા નાણા વિભાગનાં તા. ૨૮-૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧, માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધીન તથા નામ. સુપ્રિમકોર્ટમાં દાખલ થયેલ એસ.એલ.પી નં.૧૪૧૨૪/૨૦૧૨ અને ૧૪૧૨૫/૨૦૧૨ ના આખરી ચુકાદાને આધીન રહીને આ જગ્યા ઉપર કરાર આધારીત નિમણુંક આપવામાં આવશે તેમજ પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમણુંક સત્તાધિકારીને સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના ધારાધોરણ મુજબ જે તે જગ્યા માટે મળવાપાત્ર નિયત પગાર ધોરણમાં નિયમાનુસાર નિયમિત નિમણુંક મેળવવાને પાત્ર થશે.

## ૧૮. અરજી કરવાની તથા અરજી ફી ભરવાની રીત :-

૧૮.૧ આ જાહેરાતના સંદર્ભમાં મંડળ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવારે જાહેરાતના પેરા-૧ માં દર્શાવ્યા મુજબના સમયગાળા દરમ્યાન https://ojas.gujarat.gov.in પર અરજીપત્રક ભરી શકશે.

૧૮.૨ ઉમેદવારે અરજી કરવા માટે-

(1) સૌ પ્રથમ **https://ojas.gujarat.gov.in** પર જવું. ત્યારબાદ "Current Advertisement" માં "View All" કલીક કરવાથી "Select Advertisement by Department" માં **GUJARAT PANCHAYAT SERVICE SELECTION BOARD (GPSSB) SELECT** કરવું

(2) " મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) " ની જાહેરાત ક્રમાંકઃ 17/202122 ઉપર **click** કરવાથી **screen** ઉપર **"Apply"** અને **"Details"** ના ઓપ્શન જોવા મળશે. **"Details"** ઉપર **click** કરવાથી વિગતવાર જાહેરાત જોવા મળશે. જે ધ્યાનથી વાંચી જવી.આ જાહેરાતને ભવિષ્યના હેતુ માટે ડાઉનલોડ કરી "SAVE" કરી રાખવા ઉમેદવારોને સલાહ આપવામાં આવે છે.

(3) હવે **"Apply"** પર **click** કરવાથી બે રીતે ઓનલાઇન અરજી કરી શકાશેઃ-

(અ) **Apply With OTR – One Time Registration**

ઓજસ પ્લેટફોર્મ ઉપરનો તમારો **ONE TIME REGISTRATION NUMBER (OTR)** અને જન્મતારીખ એન્ટર કરી **Apply With OTR** કરવાથી તમે રજીસ્ટ્રેશન(**OTR**) વખતે આપેલી વિગતો અરજીફોર્મમાં આપ મેળે આવી જશે જે વિગતો ધ્યાનથી જોઇ લેવી. જેથી તમે અરજીફોર્મ ઝડપથી ભરી શકશો. ત્યારબાદ ઓનલાઇન અરજી **''Confirm''** કરવાથી ઉમેદવારની અરજીનો **online** સ્વીકાર થઈ જશે.જેની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે.

(બ) <u>**Skip** કરીને બધી વિગતો ભરીને ઓનલાઇન અરજી થઇ શકશે.</u>

આ રીતે અરજી કરવા માટે ઉમેદવારે પોતાનું નામ, જન્મતારીખ વિગેરે પર્સનલ ડીટેલ્સ ભરવાની રહેશે. અને અરજી ફોર્મમાં માંગવામાં આવેલી તમામ વિગતો જેવી કે **Communication Details ,Others Details, Language Details,Educational Details**(શૈક્ષણિક લાયકાત) વિગેરેની વિગતો ભરવાની રહેશે.

ત્યારબાદ પોતાનો ફોટોગ્રાફ અને સહી ઉમેદવારે અપલોડ કરવાના રહેશે. જે ફોટો અપલોડ કરવામાં આવ્યો હોય તે જ ફોટાની નકલ લેખિત પરીક્ષામાં હાજરીપત્રકમાં ચોંટાડવાની રહેશે. તેમજ પછીના દરેક તબક્કે મંડળ/નિમણૂંક સત્તાધિકારી માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે. આથી ઓનલાઇન અરજીપત્રકમાં અપલોડ કરેલ ફોટોગ્રાફની ચારથી પાંચ નકલો કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા ફોટોગ્રાફ રજૂ થશે તો, ઉમેદવારની ઓળખ પ્રસ્થાપિત નહીં થવાના કારણે ઉમેદવારની ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(4) ત્યારબાદ ફોર્મમાં આપેલ બાંહેધરી **"Declaration"** વાંચીને શરતો માન્ય હોય તો Yes ઉપર કલીક કરવું અને અરજી ત્યારબાદ Save કરવી.અરજી SAVE કર્યા બાદ ઉમેદવારનો **"Application Number" generate** થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(5) હવે પેજના ઉપરના ભાગમાં **"Confirm Application"** પર **click** કરો અને **"Application number"** તથા **"Birth Date" type** કર્યા બાદ **Ok** પર **click** કરવાથી ત્રણ બટન **(**૧) **ok (**૨) **show application preview** અને **(**૩) **confirm application** દેખાશે. ઉમેદવારે **show application preview** પર **click** કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો **edit** કરી લેવું. કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો જ **confirm application** પર **click** કરવું. ઓનલાઇન અરજી **''Confirm''** કરવાથી ઉમેદવારની અરજીનો **online** સ્વીકાર થઈ જશે.

(6) એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ (કેટેગરી), જેન્ડર, માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક અશકતતાનો પ્રકાર, વગેરે બાબતોની બારીક ચકાસણી નામ, અટકના સ્પેલીંગ સહીત કરી લઇને તેને અનુરૂપ વિગતો

જ ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ અસલ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ક્ષતિયુક્ત અરજીઓ ધરાવતા ઉમેદવારોની ઉમેદવારી મંડળ દ્વારા જે તે તબક્કેથી 'રદ' કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી/ઉમેદવારી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે. આ બાબતે ઓનલાઇન અરજીમાં દર્શાવેલી વિગતોમાં સુધારા વધારા કરવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

(7) અરજીને કન્ફર્મ કરતાં **"confirmation number" generate** થશે. જે હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. કન્ફર્મેશન નંબર સિવાય કોઇ પણ જાતનો પત્રવ્યવહાર કરી શકાશે નહીં. ઉમેદવારે Confirm થયેલ અરજીપત્રકની પ્રીન્ટ અચૂક કાઢી તેને સાચવી રાખવી, અને માંગણી કરવામાં આવે ત્યારે રજુ કરવાની રહેશે.

(8) **print application** પર **click** કરીને **confirmation number** ટાઈપ કરવો અને **print** પર **click** કરી અરજીની પ્રિન્ટ કાઢી શકાશે.

(9) સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી)ના તમામ ઉમેદવારે તેમની ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ ફકરા- ૧૯ માં આપેલ સુચનાઓ અનુસાર એસ.બી.આઇ e-pay મારફતે ઓનલાઇન અથવા પોસ્ટ ઓફિસ મારફતે બે માંથી કોઇ પણ એક પધ્ધતિ મુજબ પરીક્ષા ફી રૂ.૧૦૦/- તથા સર્વિસ ચાર્જ/પોસ્ટલ ચાર્જ ભરવાના રહેશે. અરજી કન્ફર્મ કર્યા બાદ નિયત સમયમર્યાદામાં ફી ન ભરનાર જનરલ કેટેગરીના ઉમેદવારની અરજી આપો આપ "રદ" ગણાશે.

## ૧૯. પરીક્ષા ફી :-

૧૯.૧ ફોર્મ ભરતી વખતે " **General** " કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.

૧૯.૨ નીચે મુજબની કેટેગરીના ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(૧) અનુસૂચિત જાતિ (**SC**)
(૨) અનુસૂચિત જન જાતિ (**ST**)
(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (**SEBC**)
(૪) આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવાર (**EWS**)
(૫) માજી સૈનિક (**Ex-serviceman**) તમામ કેટેગરી
(૬) શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારો (**PD**) તમામ કેટેગરી

૧૯.૩ સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી) ના ઉમેદવારે પરીક્ષા ફી ભરવાની રહે છે, આ માટે ઉમેદવાર નીચે પૈકી કોઇ એક પધ્ધતિથી પરીક્ષા ફી ભરી શકશેઃ-

(૧) પોસ્ટ ઓફિસ મારફતે

(૨) ઓનલાઇન **SBI** e-pay ના માધ્યમથી

૧૯.૪ <u>પોસ્ટ ઓફિસ મારફતે ફી ભરવાની પધ્ધતિઃ-</u>

જનરલ કેટેગરીના ઉમેદવારોએ ફી ભરવા માટે જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષાફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલનની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ સદર ચલન સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલનની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને સિક્કા / સ્ટીકર સાથે પરત આપશે. પરીક્ષા ફી ભર્યાના ચલનની નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને જરુરીયાત સમયે સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાની રહેશે.

૧૯. ૫ <u>ઓનલાઇન **SBI** e-pay ના માધ્યમથી ફી ભરવાની પધ્ધતિઃ-</u>

ઓનલાઇન ફી ભરવા માટે ઉમેદવારે **https://ojas.gujarat.gov.in** વેબસાઇટ ઉપર જઇ **"Online Payment of Fees"** ઉપર કલીક કરવુ. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં **Internet Banking, Debit Card,Credit Card** માધ્યમ પૈકી કોઇ પણ એક માધ્યમ મારફતે ઓનલાઇન ફી ભરવાની રહેશે. ફી જમા થયા બાદ ફી જમા થઇ ગઇ છે તેવુ સ્ક્રિન ઉપર લખાયેલુ આવશે અને **E Receipt** મળશે, જેની Print કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.

૧૯.૬ પરીક્ષા ફી ભરવાની છેલ્લી તારીખ આ જાહેરાતના પેરા-૧ માં દર્શાવ્યા મુજબની રહેશે.

૧૯.૭ પરીક્ષા ફી ભર્યા બાદ, રીફંડ કોઇપણ સંજોગોમાં મળવાપાત્ર નથી તેમજ ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.

૧૯.૮ પરીક્ષા ફી ઓનલાઇન ભરવાથી ઉમેદવારને તેઓ દ્વારા દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર **SMS** થી ફી ભર્યાની જાણ કરવામાં આવશે. જો ઉમેદવારને **SMS** ના મળે તો, તાત્કાલિક ઉમેદવારે જે માધ્યમથી ફી ભરેલ હોય તેનો સંપર્ક કરવાનો રહેશે.

૧૯.૯ જનરલ કેટેગરીના ઉમેદવારોએ નિયત કરેલ સમયમર્યાદામાં પરીક્ષા ફી ભરેલ હશે, તો જ જે તે સમયે ઓનલાઇન કોલલેટર (હોલટિકીટ) /પરીક્ષા પ્રવેશપત્ર નીકળશે, જેની ખાસ નોધ લેવી.

૧૯.૧૦ સામાન્ય વર્ગના ઉમેદવારો પૈકી કોઇ ઉમેદવાર કોઇ પણ કારણસર નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી ઓનલાઇન અથવા પોસ્ટ ઓફિસ મારફતે પરીક્ષા ફી જમા ન કરાવી શકે તો આવા ઉમેદવારોએ <u>તા.૦૩-૦૬-૨૦૨૨ થી તા.૦૬-૦૬-૨૦૨૨</u> દરમ્યાન ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની કચેરીએ (કામકાજના દિવસો અને કચેરી સમય દરમ્યાન) રુબરુમાં **PROCESS FEE** રૂ.૫૦૦/-(અંકે રુપીયા પાંચસો

પુરા) રોકડેથી જમા કરાવશે તો તેમની અરજી ફી ગણીને તેમની અરજી માન્ય રાખવામાં આવશે અને આવા ઉમેદવારો નિયત સમયમર્યાદામાં કોલલેટર(પ્રવેશપત્ર) ડાઉનલોડ કરી શકશે .જેની નોધ લેવી. અત્રે સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે ઉમેદવારોની ઓનલાઇન અરજી કન્ફર્મ હોય પરંતુ પરીક્ષા ફી ભરી શકેલ ન હોય તેવા ઉમેદવારો જ **PROCESS FEE** રૂ.૫૦૦/-(અંકે રુપીયા પાંચસો પુરા) ચુકવીને કોલલેટર (પ્રવેશપત્ર) ડાઉનલોડ કરવાની પરવાનગી મેળવી શકશે.જે ઉમેદવારે અરજી કરેલ નથી /કન્ફર્મ થયેલ નથી તેવા ઉમેદવારો આ વિકલ્પનો લાભ લઇ શકશે નહિ.તેમજ પ્રોસેસ ફી સ્વીકારવાનો સમયગાળો પૂર્ણ થઇ ગયા બાદ કોઇ પણ ઉમેદવારની પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહિ.

## ૨૦. લેખિત સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ અને પસંદગી પ્રક્રિયા :-

૨૦.૧ ઓનલાઇન અરજીપત્રકમાં ઉમેદવારે ભરેલ વિગતોની કોઇ પણ ચકાસણી કર્યા વગર ઉમેદવારોને આ જગ્યા માટેની નિયત સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા માટે કામચલાઉ ધોરણે દાખલ કરી મંડળ ધ્વારા પરીક્ષાની તારીખ આખરી કર્યા બાદ ઓજસની વેબસાઇટ **https://ojas.gujarat.gov.in** મારફત online કોલલેટર (હોલટિકીટ) (પ્રવેશપત્ર) ઇસ્યુ કરીને પરીક્ષાના તારીખ, સમય અને પરીક્ષા કેન્દ્રની જાણ કરવામાં આવશે. જે માટે મંડળ ધ્વારા કામચલાઉ ધોરણે દાખલ કરેલ ઉમેદવારોને **OJAS** ની નિયત વેબસાઇટ ઉપરથી સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાના કોલલેટર (હોલટિકીટ)**online download** કરવા માટે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ તેઓના મોબાઇલ નંબર ઉપર **"SMS"** મોકલીને અને અગ્રગણ્ય અખબારોમાં ટૂંકી જાહેરાત આપીને તેમજ વેબસાઇટ ઉપર જાહેરાત મૂકીને જાણ કરવામાં આવશે. મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરના કોઇ ટેકનીકલ પ્રોબલેમને કારણે અથવા અન્ય કોઇ કારણોસર મોબાઇલ સેવા નેટવર્ક ખોરવાઇ જવાના સંજોગોમાં **SMS** ઉમેદવારને ન મળે તો તેની જવાબદારી મંડળની રહેશે નહિ. જેથી અરજી કરનાર ઉમેદવારોને કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવા માટે **OJAS** ની વેબસાઇટ **https://ojas.gujarat.gov.in** ની સમયાંતરે મુલાકાત લેવા તેમજ વર્તમાનપત્રોમાં કોલલેટર (હોલટિકીટ) ડાઉનલોડ કરવાની મંડળની જાહેરાત તથા મંડળની વેબસાઇટ જોતા રહેવા સલાહ આપવામાં આવે છે.

૨૦.૨ કોઇ પણ સંજોગોમાં કોલલેટર (હોલટિકીટ)સિવાય ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ મળશે નહિ, જેની દરેક ઉમેદવારોએ નોધ લેવી. જેથી ઉમેદવારોએ ઓનલાઇન ડાઉનલોડ કરેલ કોલલેટર (હોલટિકીટ)ની પ્રિન્ટ નકલ પરીક્ષા આપવા જતી વખતે સાથે રાખવો ફરજીયાત છે. વખતોવખતની માહિતી માટે મંડળની વેબસાઇટ **https://gpssb.gujarat.gov.in** જોતાં રહેવું.

૨૦.૩ સદર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં ગુજરાત સરકારશ્રીના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦/૨૦૧૪/૧૦૬/ખ થી બહાર પાડેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો, ૨૦૨૧ ની જોગવાઇ મુજબ ફકત -૧ (એક) લેખિત પ્રશ્નપત્ર(હેતુલક્ષી) નીચે મુજબ રહેશે:-

| Cadre Name | Syllabus | Marks | Exam Medium | Duration |
|---|---|---|---|---|
| **Multi purpose Health Worker (Male) (Class-III)** મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) (વર્ગ-૩) | **1.** General Awareness and General Knowledge * | 20 | GUJARATI | One Hour (60 Minutes) |
| | **2.** Gujarati Language and Grammar | 15 | GUJARATI | |
| | **3.** English Language and Grammar | 15 | ENGLISH | |
| | **4.** Questions assessing the requisite knowledge for the job and technical knowledge with regard to the educational qualification. | 50 | GUJARATI | |
| | TOTAL | 100 | | |

* **"General Awareness and General Knowledge" include questions related to –**

1. General Mental Ability and General Intelligence.
2. History of India and History of Gujarat.
3. Cultural heritage of India and Gujarat.
4. Geography of India and Geography of Gujarat
5. Sports.
6. Indian Polity and the Constitution of India.
7. Panchayati Raj.
8. Welfare schemes of Gujarat State and Union Government.
9. Indian Economy and Planning.
10. General Science, Environment and Information & Communication Technology.
11. Current affairs of Regional, National and International Importance.

NOTE: The question papers shall be of objective type MCQs(multiple choice questions).

૨૦.૪ આ સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપર દર્શાવ્યા મુજબના વિષયોને આવરી લેતા હેતુલક્ષી પ્રશ્નોનું ઉત્તરપત્ર ઓ.એમ.આર. (ઓપ્ટીકલ માર્કસ રીડીંગ) પધ્ધતિ સ્વરુપનું રહેશે.

૨૦.૫ ઓ.એમ.આર માં ઉમેદવારે દર્શાવેલ પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ ધ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે. જે મુજબ -

(i) પ્રત્યેક ખોટા જવાબદીઠ (-0.33)( માઇનસ ઝીરો પોઇન્ટ તેત્રીસ ) ગુણ કાપવામાં આવશે.

(ii) પ્રત્યેક ખાલી છોડેલ જવાબદીઠ (-0.33)( માઇનસ ઝીરો પોઇન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iii) એક કરતા વધુ વિકલ્પો દર્શાવેલ હોય કે છેકછાક કરેલ હોય તેવા પ્રત્યેક જવાબદીઠ (-0.33)( માઇનસ ઝીરો પોઇન્ટ તેત્રીસ) ગુણ કાપવામાં આવશે.

(iv) દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ "E" ["Not Attempted"] રહેશે. ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને " Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કિંગ લાગુ પડશે નહી. આમ ઉમેદવારે સાચા

જવાબ ધ્વારા મેળવેલ કુલ ગુણમાંથી ઉપર દર્શાવેલ (i),(ii),(iii) મુજબ બાદ(માઇનસ) થતા કુલ ગુણ બાદ કરવાથી મળતા ગુણ, ઉમેદવારને પ્રાપ્ત થતા ગુણ માન્ય ઠરશે.

૨૦.૬ મંડળ ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની તારીખ નિયત થયેથી મંડળ ધ્વારા નિયત થનાર પરીક્ષા સ્થળોએ સ્પર્ધાત્મક પરીક્ષા યોજવામાં આવશે. સ્પર્ધાત્મક લેખિત પરીક્ષાની તારીખ, સમયમાં અનિવાર્ય સંજોગોને કારણે મંડળ ફેરફાર કરી શકશે. પરીક્ષા માટેના કોલલેટર ડાઉનલોડ કરવાની જાણ ઉમેદવારોને તેમણે ઓનલાઇન અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર ઉપર એસ.એમ.એસથી કરવામાં આવશે.તેમજ આ અંગેની ટુંકી જાહેરાત મંડળની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.ત્યારબાદ ઉમેદવારોએ કોમ્પ્યુટર ઉપર **OJAS** ની વેબસાઇટ ઉપરથી નિયત સમયમર્યાદામાં **online** કોલલેટર (હોલટિકીટ)**download** કરી લેવાના રહેશે.

૨૦.૭ સ્પર્ધાત્મક પરીક્ષા પૂર્ણ થયા બાદ મંડળ ધ્વારા પ્રશ્નપત્રના સુચિત જવાબો દર્શાવતી પ્રોવીઝનલ આન્સર કી પ્રસિધ્ધ કરવામાં આવશે.તે પરત્વે ઉમેદવારોના વાંધા સૂચન મેળવ્યા બાદ ફાઇનલ આન્સર કી મંડળ ધ્વારા તૈયાર કરવામાં આવશે અને તેના આધારે રીઝલ્ટ પ્રોસેસીગની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૦.૮ જો એક કરતા વધુ ઉમેદવારોએ એક સરખા ગુણ મેળવેલ હોય તો, તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતા ઉમેદવારને મેરીટ ક્રમમાં અગ્રતાક્રમ આપવામાં આવશે અને જો કોઇ ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બંને સરખા હોય તો શૈક્ષણિક લાયકાતની મેરીટ મુજબ મેરીટમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.

૨૦.૯ મંડળ ધ્વારા સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦૨૦૧૪/૧૦૬/ખ થી ઠરાવેલ ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા)નિયમો ૨૦૨૧, જે તે સંવર્ગના ભરતી નિયમો તેમજ વિવિધ અનામત કેટેગરીને લગતા ઠરાવો તેમજ માન્ય રમતગમતના માન્ય પ્રમાણપત્રો ધરાવતા ઉમેદવારોને મળવાપાત્ર વધારાના ગુણને લગતી જોગવાઇઓ, ઓનલાઇન અરજી અન્વયે આ સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં હાજર રહેલ ઉમેદવારે મેળવેલ ગુણ, ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોને આધારે પ્રોવીઝનલ રીઝલ્ટ અને તેની સાથે જે તે કેટેગરીમાં ઉપલબ્ધ ખાલી જગ્યાના પ્રમાણમાં કેટેગરીવાઇઝ મેરીટ ક્રમાનુસાર આ સંવર્ગનું ''પ્રોવીઝનલ મેરીટ લીસ્ટ'' તૈયાર કરવામાં આવશે, તેમજ કેટેગરીવાઇઝ મેરીટ આધારે તૈયાર થયેલ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સ્થાન પામેલ ઉમેદવારોને સરકારશ્રીના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૨૨-૭-૨૦૨૧ જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/પીઆરઆર/૧૦/૨૦૧૪/૧૦૬/ખ થી બહાર પાડવામાં આવેલ ગુજરાત પંચાયત સર્વીસ (કલાસ ૩) રીક્રુટમેન્ટ (એકઝામીશેન) રુલ્સ, ૨૦૨૧ની જોગવાઇઓ મુજબ ''અસલ પ્રમાણપત્ર ચકાસણી'' માટે ઉપસ્થિત રહેવા જણાવવામાં આવશે અને ચકાસણીના અંતે પ્રમાણપત્ર ચકાસણીમાં ગેરહાજર રહેલ ઉમેદવારો તેમજ જાહેરાત મુજબ નિયત લાયકાત ધરાવતા ન હોય તેવા તમામ ઉમેદવારનું ગેરલાયક **(Disqualified)** લીસ્ટ પ્રસિધ્ધ કરવામાં આવશે અને નિમણૂક મેળવવાને પાત્ર જણાયેલ ઉમેદવારોની આખરી પસંદગી યાદી બહાર પાડવામાં આવશે અને આવી આખરી પસંદગી યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને તા.૨૨-૭-૨૦૨૧ ના જાહેરનામાના નિયમ-૧૪ ની જોગવાઈ અન્વયે મંડળ સમક્ષ રૂબરૂ બોલાવીને ઉમેદવારને ઉમેદવારની સીલેકશન કેટેગરી પ્રમાણે

રૂબરૂમાં (ઓનસ્ક્રીન) જિલ્લા ફાળવણી જે તે સિલેકશન કેટેગરીની ખાલી જગ્યા ઉપર મેરીટ ક્રમ આધારે કરીને, વિગતવાર નિમણૂંક માટે ભલામણ મંડળ દ્વારા નિયત શરતોને આધીન કરવામાં આવશે. મંડળ દ્વારા રૂબરૂ ઓનસ્ક્રિન જિલ્લા ફાળવણીમાં મળેલ જિલ્લામાં કોઈ ફેરફાર થઈ શકશે નહી તથા અરસપરસ બદલીની રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

૨૦.૧૦ આ જાહેરાત અન્વયે સરકારશ્રીના પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેપી/૨૦/૨૦૨૧/ પીઆરઆર/૧૦/૨૦૧૪/૧૦૬/ખ તા.૨૨-૭-૨૦૨૧ થી બહાર પાડવામાં આવેલ ગુજરાત પંચાયત સર્વીસ (કલાસ ૩) રીક્રુટમેન્ટ (એકઝામીનેશન) રુલ્સ, ૨૦૨૧ના નિયમ-૧૪ અન્વયે જરુરીયાત ઉપસ્થિત થયેથી જે તે કેટેગરીની પ્રતિક્ષાયાદી અને ભલામણ યાદી જાહેર અને પ્રસિધ્ધ કરવામાં આવશે. પ્રથમ પસંદગી યાદીની જે તે કેટેગરીની ખાલી પડેલ જગ્યાઓ ઉપર પ્રથમ ઉંચા મેરીટ ધરાવતા પસંદગી યાદીમાં સમાવિષ્ટ જે તે કેટેગરીના ઉમેદવારોને કે જેઓ જે તે જિલ્લામાં પ્રથમ પસંદગી યાદી અન્વયે નિમણુંક મેળવીને ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને ઓનસ્કીન પુનઃ જિલ્લા ગોઠવણી (રીસફલીંગ) ની પ્રથમ તક આપ્યા બાદ ખાલી રહેતી જે તે કેટેગરીની જગ્યા ઉપર પ્રતિક્ષાયાદી અને ભલામણ યાદીમાં સમાવિષ્ટ જે તે કેટેગરીના ઉમેદવારોને તેમની સીલેકશન કેટેગરી પ્રમાણે ઓન સ્કીન જિલ્લા પસંદગીની તક રૂબરૂમાં આપીને જે તે કેટેગરીની ખાલી પડેલ જગ્યા ઉપર જિલ્લા ફાળવણી કરવામાં આવશે.

## ૨૧ લઘુતમ લાયકી ધોરણ (Minimum Qualifying Standard):-

ગુજરાત પંચાયત સેવા (વર્ગ-૩) ભરતી (પરીક્ષા) નિયમો ૨૦૨૧ ની જોગવાઇને આધીન રહીને મંડળ ધ્વારા સબંધિત કેટેગરીમાં લઘુતમ લાયકી ધોરણ **(Minimum Qualifying Standard)** નકકી કરવામાં આવશે.

## ૨૨. અન્ય અગત્યની શરતો :-

૨૨.૧ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, કોમ્પ્યુટરની જાણકારી, ઉંમર, જેન્ડર, જાતિ (કેટેગરી-**EWS,SC,ST,SEBC**), માજી સૈનિક, સ્પોર્ટસ, શારીરિક અશકતતા, અને અન્ય બાબતોના ઉમેદવાર પાસેના અસલ પ્રમાણપત્રોને આધારે ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે. ઓનલાઇન અરજીમાં દર્શાવેલ વિગતોના સમર્થનમાં પ્રમાણપત્રો અને પુરાવાઓ મંડળ માંગે ત્યારે ઉમેદવારે અસલમાં (ઝેરોક્ષ નકલો સહીત) રજુ કરવાના રહેશે. એવા પુરાવા રજુ નહીં કરી શકનાર અથવા તેમાં વિસંગતતા જણાયેથી ઉમેદવારનું અરજીપત્રક જે - તે તબક્કેથી “રદ” કરવાપાત્ર થશે અને તેવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/નિમણુંક “રદ” કરવામાં આવશે.

૨૨.૨ કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમા ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચુક બાબતે સુધારો કરવાની રજુઆત/વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.

૨૨.૩ ફીકસ પગારથી લાયક ઉમેદવારને ૫ (પાંચ) વર્ષનાં અજમાયશી ધોરણે આ સંવર્ગની જગ્યા ઉપર નિમણૂંક સત્તાધિકારી દ્વારા કરાર આધારીત નિમણૂંક આપ્યેથી આ જગ્યાના ભરતી નિયમો, ખાતાકીય પરીક્ષા નિયમો, કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા નિયમો-૨૦૦૬ તથા પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષાનાં નિયમો મુજબ નિયત પરીક્ષાઓ આ નિયત કરારના સમયગાળા દરમ્યાન સરકારશ્રીના તે અંગેના પ્રવર્તમાન નિયમાનુસાર પાસ કરવાની રહેશે.

૨૨.૪ ઉમેદવાર પોતે આ સંવર્ગની પ્રોવીઝનલ મેરીટ યાદી/પસંદગીયાદી/ભલામણયાદીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક મેળવવાનો દાવો કરવાને હકકદાર થશે નહિ. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે, જાહેર સેવા માટે તે ગુજરાત પંચાયત સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો –૧૯૯૮ અને જે તે સંવર્ગની ભરતી અંગેના પ્રવર્તમાન નિયમોથી ઠરાવેલ નિયમાનુસાર ઉમેદવાર યોગ્ય જણાતા નથી, તો જે તે તબક્કે આવા ઉમેદવારને તેમની નિમણૂંક ‘રદ’ કરીને પડતા મૂકી શકાશે. નિમણૂંક બાબતે નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

૨૨.૫ આ ભરતી પ્રક્રિયા આ સંવર્ગના પ્રવર્તમાન ભરતી નિયમો અને પરીક્ષા નિયમોને તેમજ આ બાબતના સરકારશ્રીના કાયદા અને નિયમોની જોગવાઇને સંપૂર્ણપણે આધિન રહેશે.

૨૨.૬ આ જાહેરાત કોઈ પણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો, તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.તેમજ તેવા સંજોગોમાં ભરેલ અરજી રદ થયેલી ગણાશે અને પરીક્ષા ફી પરત મળવાપાત્ર થશે નહી

૨૨.૭ આખરી પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર ઠરશે.

૨૨.૮ નીચે દર્શાવ્યા મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.(આ યાદી માત્ર ઉદાહરણ સ્વરૂપે છે. જે સંપૂર્ણ નથી)

(૧) ઓનલાઇન મુસદા મુજબ અરજી કરેલ ન હોય,

(૨) અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય,

(૩) અરજીમાં ઉમેદવારે સહી કે પાસપોર્ટ સાઇઝનો ફોટો અપલોડ કરેલ ન હોય,

(૪) અરજી ફેકસ થી, ઇ-મેલ થી અથવા પોસ્ટથી મોકલાવેલ હોય,

(૫) સામાન્ય વર્ગ(જનરલ કેટેગરી)ના ઉમેદવારે પૂરેપૂરી ફી ન ભરેલ હોય,

(૬) અનુસૂચિત જાતિ/અનુસુચિત જન જાતિ/ સામાજીક શૈક્ષણિક પછાત વર્ગ/આર્થિક રીતે નબળા વર્ગ/શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવાર તેમજ માજી સૈનિક તેઓની કેટેગરી અંગેનુ નિયત પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

(૭) સામાજીક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવાર જાહેરાતમાં દર્શાવેલ સમયગાળાનું ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ના હોવા અંગેનું રાજય સરકારની સેવાઓ માટેનું (નોન-ક્રિમિલીયર) પ્રમાણપત્ર પરિશિષ્ટ-(૪) (ગુજરાતીમાં) રાજયસરકાર માટેનું નિયત પ્રમાણપત્ર ધરાવતા ન હોય,

૨૨.૯ અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યા આવા ઉમેદવારો સામાન્ય વર્ગની જગ્યા માટે અરજી કરેલ હોવાનું ગણાશે અને તેને સામાન્ય વર્ગના વયમર્યાદાને લગતા ધોરણો લાગુ પડશે.પરંતુ તેઓએ પરીક્ષા ફી ભરવાની રહેશે નહી.

૨૨.૧૦ ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો **upload** કરે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવાની રહેશે. પરીક્ષા સમયે હાજરીપત્રકમાં તે જ ફોટો લગાવવાનો રહેશે તેમજ મંડળ માંગે ત્યારે તેવો જ ફોટો રજૂ કરવાનો રહેશે.

૨૨.૧૧ ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે તે નંબર ઉમેદવારે ચાલુ જ રાખવો જરૂરી છે. ભવિષ્યમાં મંડળ તરફથી આ પરીક્ષાને સબંધિત પરીક્ષાલક્ષી સૂચનાઓ ઉમેદવારને આ દર્શાવેલ નંબરના મોબાઈલ પર **SMS** થી મોકલવામાં આવશે તેથી અરજીમાં દર્શાવેલ મોબાઈલ નંબર બદલવો નહી.જો ઉમેદવાર પોતે મોબાઇલ નંબર બદલશે અને તેવા સંજોગોમાં મંડળની સુચનાની જાણ ઉમેદવારને થશે નહી, તેવા સંજોગોમાં સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની પોતાની જ રહેશે.

૨૨.૧૨ મંડળની વેબસાઇટ **https://gpssb.gujarat.gov.in** નિયમિતપણે જોતા રહેવા ઉમેદવારોને ખાસ સૂચના આપવામાં આવે છે.

## ૨૩ ગેરવર્તણૂક અંગે દોષિત ઠરેલા ઉમેદવારો વિરુધ્ધ પગલા:-

૨૩.૧ મંડળ જે કોઈ ઉમેદવારને-

1. તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે,
2. બીજાનું નામ ધારણ કરવા માટે,
3. બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે,
4. બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે,
5. યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે,
6. પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનનો આશ્રય લેવા માટે,

7. પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલિખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે,
8. લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બીભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે,
9. **OMR** ઉત્તરપત્રમાં પોતાની ઓળખસૂચક કોઇપણ પ્રકારની નિશાની, લખાણ, આલ્ફાબેટ, ચિહ્ન કે જેનાથી ઓળખ પ્રસ્થાપિત થાય તેવા પ્રયાસ કરવા માટે,
10. પરીક્ષા ખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે, અથવા
11. પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફને સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે, અથવા
12. પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલા તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા આવા પ્રસંગે મદદગારી કરવા માટે, અથવા
13. પરીક્ષા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય
14. પરીક્ષા ખંડમાં મોબાઇલ/બ્લુટુથ કે અન્ય ઇલેકટ્રોનીકસ ગેઝેટ સાથે હાજર રહે તેમજ ગેરરીતી કરવા પ્રયાસ માટે

તો ઉપરોકત ૧ થી ૧૪ કિસ્સાઓમાં ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત - (ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ) (૧) મંડળે, સીધી પસંદગી માટે લેવાની કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા કોઈપણ રૂબરૂ મુલાકાતમાંથી, અથવા (૨) રાજય સરકાર, પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટમુદત માટે ગેરલાયક / બાકાત કરી શકશે.

૨૩.૨ ગુજરાત જાહેર સેવા આયોગ કે અન્ય જાહેર સેવા આયોગ અથવા અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયકાતનો સમય ચાલુ હશે તો આવા ઉમેદવારની ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ થવાને પાત્ર બનશે.

૨૩.૩ ઉમેદવારને આથી ચેતવણી આપવામાં આવે છે કે તેઓએ અરજીપત્રકમાં કોઇ પ્રકારની ખોટી માહિતી દર્શાવવી નહિ, તેમજ આવશ્યક માહિતી છુપાવવી નહી,ઉપરાંત તેઓએ રજુ કરેલ અસલ દસ્તાવેજો કે તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ સંજોગોમાં સુધારો અથવા ફેરફાર અથવા બીજા કોઇ પણ ચેડા કરવા નહી અથવા તેઓએ આવા ચેડા કરેલ/બનાવટી દસ્તાવેજો રજુ કરવા નહી, જો એક જ બાબતના બે કે તેથી વધુ દસ્તાવેજોમાં અથવા તેની પ્રમાણિત નકલમાં કોઇ પણ પ્રકારની અચોકસાઇ અથવા વિસંગતતા જણાય તો તે વિસંગતતાઓ બાબતની સ્પષ્ટતા રજુ કરવી.

## ૨૪ ફેરફાર કે રદ કરવાની મંડળની સત્તાઃ-

આ જાહેરાત તેમજ જાહેરાતમાં દર્શાવેલ જોગવાઇઓમાં કોઇ પણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળનો સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને મંડળ તે માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

સચિવ

"મંડળના આદેશાનુસાર" ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ

તારીખઃ૧૧/૦૫/૨૦૨૨ ગાંધીનગર

**ઉમેદવારોના હિતમાં જાહેર સૂચના**

પંચાયત સેવાની મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) સંવર્ગની સીધી ભરતી માટે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવેલ છે. આ જગ્યાઓ માટે અરજી કરનાર ઉમેદવારોના હિતમાં, ઉમેદવારોને લાંચ રુશ્વત/લાલચ કે છેતરપિંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે,તેમજ મંડળ ના પદાધિકારી/અધિકારી/કર્મચારીને નામે જો કોઇ ઇસમો નોકરી અપાવવાના નામે ઉમેદવારો પાસેથી નાણા ઉઘરાવતા હોય તો તેવા ઇસમો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરાવવી તથા આવી કોઇ અસામાજિક પ્રવૃત્તિ/છેતરપિંડી આપના ધ્યાનમાં આવે તો તરત જ લાંચ રુશ્વત બ્યુરોનાં ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૪૪૪૪ અથવા ૧૦૬૪ ઉપર સંપર્ક કરવા અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

## ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની જાહેરાત ક્રમાંકઃ.૧૭/૨૦૨૧-૨૨ મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) જગાનું ચેકલીસ્ટ

આ જગા માટેની વયમર્યાદા તા ૩૧-૦૫-૨૦૨૨ ની સ્થિતિએઃ-૧૮ વર્ષથી ઓછી અને ૩૪ વર્ષથી વધુ હોવી જોઇએ નહી. પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-**KP/271/2021/PRR/1196/01/KH** તા.૨૦/૧૨/૨૦૨૧, ઠરાવ ક્રમાંકઃ-પીઆરઆર/૧૧૯૬/૦૧/ખ તા.૨૦-૧૨-૨૦૨૧ તેમજ પત્ર ક્રમાંકઃ- પીઆરઆર/૧૦૨૦૨૧/૨૨૫૭/ખતા.૨૭-૧૨-૨૦૨૧ મુજબ તા.૦૧/૦૯/૨૦૨૧ થી તા.૩૧/૦૮/૨૦૨૨ સુધીના સમયગાળામાં પ્રસિધ્ધ કરેલ તમામ જાહેરાતોના સંદર્ભમાં મહતમ વયમર્યાદામાં ૦૧ વર્ષની છૂટછાટ આપવાનું ઠરાવેલ છે, આમ, આ જાહેરાતના હેતુ માટે મહતમ વયમર્યાદા ભરતી નિયમ મુજબ ૩૩ વર્ષ + ૦૧ વર્ષ =૩૪ વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

| ક્રમ | ઉમેદવારની જાતિ(કેટેગરી) | નીચેની તારીખો દરમ્યાન (બન્ને તારીખો સહીત) જન્મેલા હોવા જોઇએ. |
|---|---|---|
| ૧. | સામાન્ય વર્ગ (જનરલ કેટેગરી) (પુરૂષ ઉમેદવાર) | તા.૩૧-૦૫-૧૯૮૮ થી તા.૩૧-૦૫-૨૦૦૪ |
| ૨. | અનામત વર્ગ **(SC/ST/SEBC/EWS)**ના પુરૂષ ઉમેદવારો (૫ વર્ષ) | તા.૩૧-૦૫-૧૯૮૩ થી તા.૩૧-૦૫-૨૦૦૪ |
| ૩. | ૪૦% કે તેથી વધુ અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા સામાન્ય વર્ગના પુરુષ ઉમેદવારો (૧૦ વર્ષ) | તા.૩૧-૦૫-૧૯૭૮ થી તા.૩૧-૦૫-૨૦૦૪ |
| ૪. | ૪૦% કે તેથી વધુ અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા અનામત વર્ગના પુરુષ ઉમેદવારો (૧૦+૫=૧૫વર્ષ) (મહત્તમ વયમર્યાદા-૪૫ વર્ષ) | તા.૩૧-૦૫-૧૯૭૭ થી તા.૩૧-૦૫-૨૦૦૪ |
| ૫. | માજી સૈનિકઃ-<br>સામાન્ય વહીવટ વિભાગનો તા. ૨૨-૭-૧૯૮૨ના ઠરાવ ક્રમાંકઃ આરઇએસ-૧૦૮૧/જીઓઆઇ/૫૮/ ગ-૨, અને તા.૨૦-૨-૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ આરઇએસ/ ૧૦૨૦૦૦/ યુ.ઓ./૯૫૭/ગ-૨. | આ સંવર્ગની ખાલી જગ્યા ઉપર નિમણુંક માટે જે ઉમેદવારે માજી સૈનિક તરીકે સશસ્ત્ર દળોમાં છ મહિનાની સળંગ સેવા કરતા ઓછી ન હોય તેટલી સેવા કરી હોય તે માજી સૈનિકને મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ(૩) વર્ષ સુધીની છુટછાટ મળશે. (વધુમાં વધુ ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષ રહેશે.) |
| ૬. | પંચાયત સેવામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર (પુરૂષ) વર્ગ-૩ તરીકે ફિકસ પીરીયેડ માટે ફિકસ પગારમાં કોન્ટ્રાક્ટ બેઝીસ ઉપર અથવા ફિકસ પરીયેડ માટે રેગ્યુલર પે સ્કેલમાં એડહોક બેઝીસ ઉપર નિમણુંક પામેલ ઉમેદવારો માટે વયમર્યાદાની જોગવાઇ<br>(પંચાયત વિભાગના જાહેરનામા ક્રમાંકઃ-કેપી/ ૨૨ ઓફ ૨૦૨૨/પીઆરઆર/૧૦૨૦૧૪/૭૭/ખ તા.૧૨/૦૪/૨૦૨૨ મુજબ) | **The upper age limit shall not be applicable in case of a candidate who is appointed as a Multi Purpose Health Worker(Male), Class III, in the Superior Panchayat Service either on contract basis on fixed pay for a fixed period or on adhoc basis in regular pay - scale but for a fixed period, and who possesses the qualifications as prescribed in clause (b) of this rule and who offers his candidature in respect of advertisement which may be published in the year 2022.** |